# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૮૫• તા. ૨૫ ઑક્ટોબર થી ૩૧ ઑક્ટોબર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


KDO SANJIVANI

## જ્ઞાતિજનોની વધતી જતી આશાઓ અને જરૂરતને પૂરું કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

# અમારી વાત...

સંપાદક સ્થાનેથી

## દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ


જીવનના વહેણ સરળ કે સપાટ નથી વહેતાં. વાંકા, ચૂંકા, અટપટા થઈને પણ આખરે તે ગંતવ્ય સ્થાને પહોંચી જાય છે. સમયનું વહેણ પણ આવું જ એક વહેતું ઝરણું છે જે કાળ ખંડને વીંધી પોતાની લીલા પ્રસરાવી પ્રભાવ પાથરતો જાય છે. સમય સારો હોય કે ખરાબ તેને સમતા ભાવથી પસાર કરવો એ જ એનો એક માત્ર ઉપાય છે. ધીરજ રાખવા માટે સમય પસાર કરવો પડે છે. ઘણી વાર સારો સમય એની રાહ જોવામાં તક વડેફાઈ જાય છે. સુખનો કાળ જરૂર આવશે એ જોવામાં દુ:ખના કાળમાં શક્તિ સંચિત કરવી પડે છે એ થઈ શકતી નથી અને સારો સમય હાથમાંથી સરી જાય છે. બહુધા માણસો સુખનો સમય આવે એની રાહ જોવામાં પૂરી જિંદગી ખપાવી દે છે અને જ્યારે સારો સમય આવે છે ત્યારે એને પૂરેપૂરો માણી શકતો નથી.

માનવી મર્કટનું મોર્ડન રૂપાંતર છે એ નૃવંશી જાણકારો એ સાબિતી કર્યું છે. શરીર રૂપાંતરિક થઈ ગયું પણ મન હજી ચંચળ, ઉછળતું, કુદતું જ રહ્યું છે. તે બદલાયું નથી. બીજાઓની જિંદગી જોઈ જોઈને પોતાની જિંદગી આવી હોય તેની કામના કરે છે. પણ આખરે મૃગ જળ જેવી જિંદગી પામે છે. જિંદગીનું એ મોટું સત્ય છે કે જીવનમાં બધાને બધું જ મળતું નથી. માણસને અભાવથી નફરત થાય છે પણ અભાવને મોકળા મનથી સ્વીકારી શકતો નથી જેવું મળ્યુંછે એનો ખુલ્લા મનથી સ્વીકાર કરી શકતો નથી. એકલો માણસ પરિવારના સહવાસની ઝંખના રાખે છે. અઢળક સમય વીતી જાય તો પણ ચોકઠું ન ગોઠવાય એટલે હારી થાકીને અન્યની પારિવારીક જિંદગીમાં ડોકિયું કરી અફસોસને મળવાવતો રહી જાય છે. જ્યારે પરિવાર સાથે જીવતો માણસ એકલો રહે એવી સ્પેસ શોધતો રહે છે. તેને એકલા રહેતાં માણસની ઈર્ષા થાય છે અને અકળામણ, રૂંધામણ રાખી બેળે બેળે જિંદગીમાં ઢસડાતો રહે છે. આ વેઠવારી જિંદગી તેને સુખરૂપે જીવવા દેતી નથી.

આ બંન્ને પોતાની ભાગે આવેલી જિંદગીને સાચવી, સંભાળી જીવી શકતા નથી. બંન્ને સુખ પામી શકે છે તે છતાંય સુખ ભોગવી શકતા નથી. બંન્નેને પોતાને ભાગે આવેલી જિંદગીથી અસંતોષ છે. આ સુખ નથી ભ્રમણાનો મોહ પાશ છે. સુખી તો માણસ એ સમય અને સંજોગોને ઓળખીને થવું પડે છે. દરેક પરિસ્થિતિને સ્વીકારી સમયના પ્રમાણે સાનુકુળ થવું પડતું હોય છે. આપણા ભાગે આવેલી જિંદગીનો સમય સંતોષથી, આનંદથી જીવતા નથી આવડતું એટલે વહેલા થાકી હતાશા અનુભવે છે અને પરેશાનીમાં પોતાના સ્વભાવ વિરૂધ્ધનું વર્તન કરીને આજુબાજુવાળાને દુશ્મન બનાવી બેસે છે. મગજનો પારો સાતમા આસમાને પહોંચાડી અન્યને નુકસાન પહોંચાડી બેસે છે.

સમય અને સંજોગને સ્વીકારી પરિસ્થિતિને જાણી સમજી ઉદારતાથી સ્વીકાર કરી લે તો એક સુખી જીવન જીવતો ઈન્સાન બની શકે છે. આત્મ સંતોષી માનવી સુખી, સરળ અને ખુશહાલ થઈ જિંદગી જીવી જાય છે. પણ દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવા જેટલો સભાન કોઈ થઈ શકતું નથી. એ જ તો આજના માનવની ખામી છે.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# ભાઈ-બહેનનો અજોડ પ્રેમ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ઉત્સવ પ્રિયજના : એટલે કે લોકો ઉત્સવ પ્રિય હોય છે. ઉત્સવની ઉજવણીથી લોકોમાં નવી ઉર્જા પ્રાપ્ત થાય છે એટલે કે લોકો દ્વારા ઊજવતા વિવિધ તહેવારો પાછળ કોઈને કોઈ માહાત્મય રહેલું હોય છે. એથી જ ઉત્સવો ધાર્મિક હોય, રાજકીય હોય કે સામાજિક હોય લોકો તેમાં હોંશે હોંશે જોડાય છે.

ભારતીય સંસ્કૃતિ અનેક તહેવારોનો પૌરાણિક અને સામાજિક વારસો ધરાવે છે. દરેક તહેવાર માત્ર રિવાજોનું પાલન નથી, પણ એક સંવેદનાત્મક અને સાંસ્કૃતિક સંદેશ આપતો હોય છે. કુમારીકા કન્યાઓ માટે, વિવાહિત મહિલાઓ માટે અને ભાઈ બહેનોના પ્રેમને વધાવતા અને જોડતા તહેવારો પણ છે. કુમારી કન્યાઓ સુયોગ્ય ભરથાર મળે એ કામના સાથે ખાસ વ્રત, ઉપવાસ અને પૂજન કરે છે. પરિણીત મહિલાઓ પતિનું આયુષ્ય દીર્ઘાયુ થાય. પોતાનો સૌભાગ્ય સુખ અખંડ રહે એ માટેના વ્રતો કરે છે. જ્યારે બહેન ભાઈના સુખ કામના માટે અને ભાઈનું રક્ષણ થાય. તેની પ્રગતિ થાય એ માટે કામના કરી રક્ષાબંધન કષરે છે અને ભાઈબીજ દિવસે પોતાના ઘરે આમંત્રી ભોજનથી તૃપ્ત કરે છે. વીરપસલીના તહેવારે ભાઈના દુઃખ કષ્ટ હરે, શત્રુનો ખાતમો થાય એ ભાવથી મંગલકામના કરી વ્રત કરે છે. આ બધા તહેવારો ભાઈ અને બહેનના નિષ્કપટ પ્રેમ, સુરક્ષા અને લાગણીઓના પ્રતિબિંબ જેવા છે.

સમય બદલાયો છે સાથે સાથે તહેવારનો અર્થ અને તેની ઉજવણીની રીત રસમ પણ બદલાઈ ગઈ છે. બહેન ભાઈને રક્ષા સૂત્ર બાંધે, ભાઈ તેને ભેટ આપે અને તેની રક્ષા કરવાનો સંકલ્પ કરે તેમાં હવે પરિવર્તન આવી ગયું છે. આજે ભણેલી ગણેલી શિક્ષિત બહેન પોતે એટલી મજબૂત અને આત્મનિર્ભર બની ગઈ છે કે હવે બહેનની રક્ષાનો અર્થ પરિવર્તન થઈને બન્ને વચ્ચે સહયોગ, સમાનતા અને પરસ્પર સમ્માનનું વચન થયું છે.

આજના જમાનામાં બહેન માત્ર ઘરકામમાં મદદરૂપ નથી થતી પણ ઘર અને બહાર બંન્ને જગ્યા પર પોતાની શક્તિ અને સામર્થ્યથી ભાઈની જોડે જોડ ઊભી છે. હવે તહેવારો માત્ર પરંપરા રહ્યાં નથી પણ વ્યક્તિગત વ્યક્તિત્વ, સ્વતંત્રતા અને પરસ્પર સન્માનની ઉજવણી જેવા છે. ભાઈ અને બહેન બન્ને એક બીજાના પૂરક છે, સાથીદાર છે. લગ્ન પછી ભાઈ બહેનના સંબંધમાં ભૌતિક અંતર ભલે આવી જાય પણ હૃદયના પ્રેમનું અંતર આવતું નથી. બચપણની અમર યાદો તરોતાજી રહેતી હોય છે. ભાઈ બહેનની લાગણી ભરી સમજણ, જીવનના દરેક પડાવમાં એકબીજાને મળતો મજબૂત સાથ સ્થૂળ ભેટ વસ્તુથી નહી પણ એક સંવેદનશીલ સંવાદથી જીવંત. તાજું અને નવપલ્લિત બને છે.

માત પિતાની છત્ર છાયામાં બન્ને ભાઈ બહેન સહિયારા ઊછેરી પાંગરે છે. હેત પ્રેમ જાળવે છે પણ ખરી કસોટી વડીલોની ગેરહાજરીમાં બન્નેની થતી હોય છે. ભાઈ નાનો હોય તો પોતાના સંતાન જેવો અને મોટો હોય તો પિતાના સ્વરૂપ જેવો હોય છે. જ્યારે બહેન નાની હોય ત્યારે પોતાની જાયા અને મોટી હોય તો માતા સમાન હોય છે. મોટા થયેલા ભાઈ બહેનના જોડીદાર અલગ અલગ પ્રકૃતિ સંસ્કારથી લિપ્ત હોય છે. એટલે ભાઈ બહેનના સંબંધમાં કેવો રંગ ઉમેરે છે એ મુજબ સંબંધનો ભાવ રહે છે. એક ભાઈ પોતાની બહેનનો પ્રથમ મિત્ર હોય છે. જેના સાથમાં બહેન સૌથી વધારે પોતાને સુરક્ષિત મહેસૂસ કરે છે. પોતાની બહેનને સતાવવાનો એક મોકો પણ ન છોડનાર ભાઈ જ્યારે સાસરે જવા વિદાય થતી હોય ત્યારે એકાંતમાં ભાઈ વધારે રડતો જોવા મળે છે. આમ ભાઈ બહેનના પ્રેમના ઊંડાણને માપવું અઘરું છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# સંજીવની કેસ નં.૨૦૮ માટે જરૂરી ભંડોળ રૂા.૩.૬૦ લાખ ક્રાઉડ ફંડિગથી નોંધપાત્ર સમય દરમ્યાન જમા થઈ ગયા




કચ્છ જખૌ હાલે ડોંબિવલીના ૪૮ વર્ષીય પારસ પદમશી નાગડાને તાવ સાથે પેટમાં તીવ્ર દુ:ખાવો, ઉબકા, ઉલ્ટી, છાતીમાં દર્દ, ધબકારામાં વધઘટ, શ્વાસ લેવામાં તકલીફ હોવાને કારણોસર તાત્કાલિક હોસ્પિટલાઈઝ કરવા પડ્યા. ડૉક્ટરોએ બારીકાઈથી નિરીક્ષણ કર્યા પછી હાયપરનેટ્રેમિયા અને મેટાબોલિક અસંતુલન સાથે સ્પ્લેનિક વેઈન થ્રોમ્બોસિસ સાથે તીવ્ર નેક્રોટાઈઝિંગ સ્વાદુપિંડ ઉપર સોજો હોવાનું નિદાન કર્યું. જે માટેનો અંદાજિત ખર્ચ રૂા.૩.૬૦ લાખ જણાવ્યું. ભૂતકાળમાં એકનાથ શિંદે યોજના હેઠળ એન્જીપ્લાસ્ટી કરી ૨ સ્ટેન્ટ દાખલ કરવામાં આવ્યા હતા.

દર્દી પોતે સ્વિગી કંપનીમાં કામ કરી ન્યુનતમ વેતન મેળવે છે. પરિવારમાં પત્ની અને ૨૨ વર્ષીય બે પુત્રો સાથે છે. એક પુત્ર રિયલ એસ્ટેટ કંપનીમાં જોબ કરે છે જ્યારે બીજો પુત્ર શિપિંગ લોજિસ્ટિકસ કંપનીમાં સર્વીસ કરે છે. પરિવારનો કોઈ મેડિક્લેમનો કોઈ સપોર્ટ નથી.શારિરીક વ્યાધિમાંથી સુખરૂપ બહાર આવવાની ચિંતા ઉપરાંત અધધ રકમ જમા કરવાનું ટેન્શન નાગડા પરિવાર પર આવ્યું. જેમાંથી બહાર નીકળાય એ માટે તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી. આવેદનનો અભ્યાસ કરી જરૂરી રકમ રૂા.૩.૬૦ જમા કરવા માટે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

આજ સુધીના ૨૦૭ કેસમાં જ્ઞાતિના વ્યક્તિગત દાતાઓ, મહાજન, એકમ, મંડળ, ટ્રસ્ટ અને સંસ્થાઓએ જ્ઞાતિ પરિવારોની પીડાને પોતાની સમજીને ઉમદા સપોર્ટ આપ્યો છે એવો જ સાથ, સહકાર અને માનવીય લક્ષી સંભાળ આ વખતના કેસ નં.૨૦૮ માં પણ સૌએ ઉમદાપૂર્ણ રીતે બતાવી સમયસર ભંડોળ છલકાવી દીધું છે. જે માટે સૌ દાતાઓની ભરપૂર અનુમોદના અને શત શત વંદના.

# શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર

આયોજીત

# ‘વંદન’

## કેડીઓ સીનીયર સિટિઝન માટેની સાર્ધમિક સહાય યોજના



જય જિનેન્દ્ર !

જૈન ધર્મના પાયાના કર્તવ્ય રૂપ સાધર્મિક ભક્તિ વંદન યોજના **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** તરફથી એક વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી. જે ઓક્ટોબરમાં પૂર્ણ થઈ ગઈ છે.

જ્ઞાતિના મહાનુભાવો તથા લાભાર્થી પરિવાર દ્વારા આ યોજનાને ચાલુ રાખવાની **આગ્રહ ભરી વિનંતી**ને માન આપી ઉપરોક્ત પરિવાર ફરી એકવાર એક વર્ષ માટે આ યોજના શરૂ કરી રહ્યું છે. યોજનામાં જોડાવા ઈચ્છુકે આપેલ લિંક પર ક્લિક કરી યોગ્ય માહિતી ભરીને આપવાની રહેશે.

## ફરી એકવાર એક વર્ષ માટે શરૂ થાય છે સિનિયર સિટિઝનો માટે ‘વંદન’

**પરિવારમાં બે વ્યક્તિઓ સુધી રૂા.૪૦૦૦/ પ્રતિમાહ પરિવાર દીઠ**

**પરિવારમાં બેથી વધુ વ્યક્તિઓ માટે રૂા.૬૦૦૦/ પ્રતિમાહ પરિવાર દીઠ**

કેડીઓ સિનિયર સિટિઝન (૬૦ વર્ષની ઉપરની વ્યક્તિ), દિવ્યાંગ તેમજ વિધવા મહિલાઓ જેમની વાર્ષિક પારિવારિક આવક પ્રતિવર્ષ રૂા. ૨.૫૦ લાખ કે તેનાથી ઓછી હોય એવા પરિવારો સુધી મર્યાદિત છે.

## ફોર્મ ભરવાની અંતિમ તા. ૫ નવેમ્બર ૨૦૨૫

## શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ

**85914 26095** સંપર્કનો સમય : બપોરના ૨ થી સાંજના ૬ સુધી

**ફોર્મ ભરવા માટે ગૂગલ લિંક**

https://docs.google.com/forms/d/e/1FAIpQLSc3RpME7tSoCJag3fe_Kc-Il4Ac2iWpVA4_SZ0lx48DnTJIoQ/viewform?usp=header

CLICK HERE

આપના શુભચિંતક

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

શ્રી મહાવીરાય નમઃ　શ્રી અંબા માતાય નમઃ　શ્રી ભલારાદાદાય નમઃ




# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની ૩૦મી સમુહ પહેડી

સર્વે ભાવિકોને જાણ કરવામાં આવે છે કે

## તા. ૯-૧૧-૨૦૨૫ ની માતાજીના પહેડી કાર્યક્રમને

**પૂરા દિવસના કાર્યક્રમમાં ફેરવવામાં આવ્યો છે.** માતાજીની પહેડી કાર્યક્રમની ઉત્થાપન વિધિ બાદ (બપોરના ૩ કલાક) નીચેના કાર્યક્રમને ઉમેરવામાં આવ્યો છે. સમય સાંજના ૪ થી રાતના ૭ કલાકે મંદિરના નવનિર્માણ બાબત ચર્ચા વિચારણા તથા ટ્રસ્ટની રચના માટે વિચારણા વિદ્યાર્થી બહુમાન, તપસ્વી બહુમાન પારંપારિક ગરબા તથા દાંડિયા રાસ ડી.જે.ના સથવારે અન્ય કાર્યક્રમ વિચારણા હેઠળ કાર્યક્રમની સમાપ્તી બાદ ફાસ્ટ ફુડ, ડીનરની વ્યવસ્થા તથા ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી છે. તો આપ સર્વે આ ફેરફારની નોંધ લઈ પૂરા દિવસના કાર્યક્રમમાં સહભાગી થઈ અમારા ઉત્સાહમાં વધારો કરશે.

### -: કાર્યક્રમની આછી રૂપરેખા :-

માતાજીની છબીની સ્થાપના : સવારના ૯.૧૫ કલાકે ● ભક્તિ સંગીત : સવારના ૯.૧૫ કલાકે ● પહેડી પ્રસાદ : બપોરના ૧.૧૫ કલાકથી ● ઉત્થાપન : બપોરના ૨.30 કલાક

સમય સાંજના ૪ થી રાતના ૭ કલાકે મંદિરના નવનિર્માણ બાબત ચર્ચા વિચારણા તથા ટ્રસ્ટની રચના માટે વિચારણા વિદ્યાર્થી બહુમાન, તપસ્વી બહુમાન પારંપારિક ગરબા તથા દાંડિયા રાસ ડી.જે.ના સથવારે અન્ય કાર્યક્રમ વિચારણા

### -: શુભ સ્થળ :-

**સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

● ચડાવાની બોલી સવારના ૧૦.30 થી શરૂ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

● સર્વે ભાવિકોને સમયસર હાજર થઈ વિધિ વિધાન, ભકિત સંગીતનો લાભ લેવા ખાસ વિનંતી.

● નિયાણી બહેનોને સહપરિવાર પધારવા નિમંત્રણ છે. આપના કુટુંબની નિયાણીઓને આ પહેડીનો સંદેશ આપી જરૂરથી લઈ આવવાની જવાબદારી ભાવિકોની રહેશે. સહકુટુંબની વ્યાખ્યામાં નિયાણીઓના પરિણિત સંતાનોનો સમાવેશ થઈ નહી. ●પહેડી દરમ્યાન કાળા વસ્ત્રો પહેરવા વર્જિત છે. ●છેડા ગોત્રના સંતાનો તેમજ નીયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧ થી ૯ સુધી ૮૫%, જ્જઈ થી SY સુધી ૮૦%, ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ પાસ થયેલ દરેક વિધાર્થીઓનું બહુમાન પહેડી દરમ્યાન કરવામાં આવશે. દરેક વિધાર્થિઓને તેમની માર્કશીટની ઝેરોકસ કોપી તા. ૦૫/૧૧/૨૦૨૫ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી. ●પર્યુષણ પર્વ દરમ્યાન જે ભાવિકોએ અઠ્ઠાઈ કે તેનાથી મોટા તપ કર્યા હોય તથા ૧૨ વર્ષથી નાના બાળકોએ અઠ્ઠમ તપ કર્યા હોય તેમનું બહુમાન કરવામાં આવશે. તે ભાવિકોએ પોતાના નામ તથા તપની વિગત નીચેના કાર્યકર્તાઓને તા. ૦૫/૧૧/૨૦૨૫ સુધી પહોંચાડવા વિનંતી.

છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી

### વધુ વિગત માટે સંપર્ક સાધો

| | | | | | |
|---|---|---|---|---|---|
| દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ | હીરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૯૮૧૯૭૦૮૦૮૬ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૯૨૦૩૪૧૯૨૭ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૬૭૩૬૮૯૭૦ |
| તુષાર નેણશી છેડા | મુલુંડ | ૯૮૩૩૯૭૧૮૭૪ | | | |

# શ્રી મહાકાળી માતાજીનું ભક્તિભાવથી ભવ્યાતિભવ્ય પૂજન







શ્રી અચલગચ્છ જૈન સંઘ, ડોંબિવલીના સૌજન્યથી પ.પૂ.મુ.ભ.શ્રી તીર્થરત્નસાગરજી મહારાજ સાહેબ, પ.પૂ. મુ.ભ. શ્રી ધર્મશેખરસાગરજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુ.ભ. શ્રી માર્ગનિધાનસાગરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં, આસો વદ ચૌદસ (કાળી ચૌદસ) તા. ૧૯ ઓક્ટોબર રવિવાર સવારના ૯:૦૦ કલાકેથી શરૂ થયેલું શ્રી સુવિધિનાથ જિનાલય ખાતે શ્રી મહાકાળી માતાજીનું મહાપૂજન ભાવ ભક્તિપૂર્વક સંપન્ન થયું.

આ પ્રસંગે શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ-ડોંબિવલીની ધાર્મિક પ્રવૃત્તિ અંતર્ગત કે.ડી.ઓ. જ્ઞાતિના વડીલો તથા પરિપત્ર વિતરકોને પૂજનમાં બેસવાનો વિશેષ લાભ અપાયો હતો.

ગંધ પૂજા, અક્ષત પૂજા, દીપક-ધૂપ પૂજા એમ ૩ પૂજનનો લાભ મંડળને મળ્યો હતો એમના લાભાર્થી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા, શ્રી ચેતન લહેરચંદ નાગડા અને અ.સૌ. અર્ચનાબેન અમિત ખોના રહ્યા હતા.

શ્રીમતી જયશ્રીબેન લાપશિયાની પ્રેરણા તથા શ્રીમતી ભાવનાબેન મોમાયાની સક્રિયતા, પરિપત્ર વિતરકોના એકતા, ઉત્સાહ અને સહકારથી આરતીનો ચડાવો રૂા. ૬૧,૦૦૦/- માં અતિ ભવ્ય રીતે લેવાયો હતો.

પૂજનમાં આશરે ૫૦૦ ભાવિકો જેમાંથી ૨૦૦ થી વધુ જેટલા કે.ડી.ઓ. જ્ઞાતિના સભ્યો શ્રદ્ધા, ભાવ, ભક્તિ અને સમર્પણભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંડળ સહયોગી બની સાધર્મિક ભક્તિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજનની સાથે સાથે શ્રી વિજય યંત્રનું પૂજન તથા હવન પણ વિધિવત્ રીતે સંપન્ન થયું હતું.

આ પાવન પ્રસંગે પ.પૂ.મુ.ભ.શ્રી ધર્મશેખરસાગરજી મહારાજ સાહેબ અને શ્રી ડોંબિવલી અચલગચ્છ સંઘના પ્રમુખ શ્રી ફૂલીનભાઈ પીર પ્રેરણાસ્ત્રોત રહ્યા હતા.

સંઘ દ્વારા સર્વાંગી સુવ્યવસ્થા કરવામાં આવી હતી, જે પ્રશંસનીય રહી હતી.

મંડળ તરફથી પૂજનને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ, ચેતનભાઈ, અમિતભાઈ, વિપુલભાઈ, મનીષભાઈ, પરેશભાઈ, ભાવનાબેન, અર્ચનાબેન, પ્રિયાબેન, જિજ્ઞાબેન, મંડળના સભ્યો તથા તમામ સહયોગીઓનો અનન્ય પ્રયાસ રહ્યો હતો.

ચિ. તીર્થ ખોનાનો ફોટોશૂટ તેમજ વિડીયોગ્રાફીનો વિશેષ લાભ મળ્યો હતો.

શ્રી વિપુલભાઇ મોમાયા અને શ્રી ભરતભાઈ મોમાયા તરફથી પૂજન માટે ફોટો અને યંત્ર લેમીનેશન યુક્ત કરી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

સર્વેની ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર. શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી ચેતન લહેરચંદ નાગડા (નલિયા) તરફથી આવેલ અખબારી યાદી મુજબ.

# ૧૧ મી એશિયન એક્વાટિક ચેમ્પિયનશીપમાં

# હીર નાગડાએ ચંદ્રક પ્રાપ્ત કર્યા







અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્સમાં તા.૨૮ સપ્ટેમ્બરથી ૧૧ ઓક્ટોબર સુધી ૧૧મી એશિયન એક્વાટિક ચેમ્પિયનશીપ યોજાઈ. જેમાં ૨૯ દેશોના એક્સ્પર્ટ તરણ ખેલાડીઓ ભાગ લીધો હતો. આ વખતની ચેમ્પિયનશીપ બીજી વખત સાઉથ એશિયન ક્ષેત્રમાં અને પ્રથમવાર ઈન્ડિયાની યજમાનીમાં યોજાઈ હતી. સ્વિમિંગ, ડાઈવિંગ, આર્ટિસ્ટિક સ્વિમિંગ, વોટર પોલો ઈત્યાદિ સ્પર્ધાઓ થઈ હતી. ઈન્ડિયાએ ૪ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

જ્ઞાતિના કોઠારા હાલે મુલુંડના ૨૪ વર્ષીય હીર પ્રીતિબેન ગિતેશ શાહ-નાગડાએ ૪૫૨૦૦ ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ અને ૪૫૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ મેળવી ઉજળો દેખાવ કર્યો હતો. બધા સ્પર્ધકોમાં એક માત્ર હીર વેજીટેરિયન સ્વીમર હતો. જેણે ગૌરવપ્રદ રીઝલ્ટ મેળવ્યું છે. ભારતવતીથી આગામી એશિયન અને ઓલ્મિપીક સ્પર્ધાઓ માટેની તૈયારીઓ કરી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રાષ્ટ્ર માટે બે ચંદ્રક મેળવવા બદલ હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યની કારકિર્દી માટે અનંત શુભેચ્છા.

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીના આગામી ૨૦૨૫-૨૬ના કાર્યક્રમોની અંદાજીત રૂપરેખા

| વાર | તારીખ | તિથી | કાર્યક્રમ |
|---|---|---|---|
| શનિવાર | ૨૯-૧૧-૨૦૨૫ | માગસર સુદ ૧૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ |
| રવિવાર | ૦૭-૧૨-૨૦૨૫ | માગસર વદ ૩ | ટ્રેડ ફેર, ટ્રેઝરહન્ટ, મનોરંજન સહ ફુડ સ્ટોલ |
| શનિવાર થી રવિવાર | ૧૩-૧૨-૨૦૨૫ થી ૧૪-૧૨-૨૦૨૫ | માગસર વદ ૯ થી માગસર વદ ૧૦ | સિનિયર સિટીઝન પિકનીક |
| રવિવાર | ૨૮-૧૨-૨૦૨૫ | પોષ સુદ ૧૦ | વન ડે પિકનીક |
| શુક્રવાર થી સોમવાર | ૦૯-૦૧-૨૦૨૬ થી ૧૨-૦૧-૨૦૨૬ | પોષ વદ ૭ થી પોષ વદ ૧૦ | પાલિતાણા સાધર્મિક યાત્રા (અનાજ કિટ, વૃદ્ધ પેન્શન, મેડીકલ સહાય લેતા વડિલો માટે) |
| રવિવાર | ૨૫-૦૧-૨૦૨૬ | મહાસુદ ૮ | રંજન સંધ્યા |
| રવિવાર | ૧૫-૦૨-૨૦૨૬ | મહાવદ ૧૪ | અનંત ખેલોત્સવ |
| શનિવાર | ૨૮-૦૨-૨૦૨૬ | ફાગણ સુદ ૧૩ | છ ગાઉ યાત્રા (માનસ મંદિર) - શાહપુર |
| રવિવાર | ૦૮-૦૩-૨૦૨૬ | ફાગણ વદ ૬ | મહિલા મંગલ મંચ |

(બાકીના કાર્યક્રમો હવે પછી જાહેર થશે. સમય સંજોગો અનુસાર કાર્યક્રમની તારીખોમાં ફેરફાર થઈ શકે છે.)

દરેક કાર્યક્રમની વિગતવાર જાહેરાત સમયાનુસાર પરિપત્ર અને વોટ્સએપ ગ્રુપમાં કરવામાં આવશે. આપ સૌનો સાથ સહકાર અપેક્ષિત છે.


શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ




KDO SANJIVANI

કેડીઓ સંજીવની
માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે
સંપર્ક:

મનીષા શાહ 98695 76527
ડો. ધારિણી નાગડા 98197 22300
ભરત મૈશેરી 98200 58048
રમેશ મોતા 98196 55259

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**વિનોદભાઈ ગોસર**
તા.૧૯ ઓક્ટોબર (ઉ.૬૩)
બારોઈ-ડોંબિવલી



**નવલબાઈ મૈશેરી**
તા.૧૯ ઓક્ટોબર (ઉ.૮૦)
જખૌ-ડોંબિવલી




**સૂર્યકાંતભાઈ લોડાયા**
તા.૧૯ ઓક્ટોબર (ઉ.૮૧)
નાની ખાવડી-ડોંબિવલી



**ભરતભાઈ લાપસીયા**
તા.૨૦ ઓક્ટોબર (ઉ.૬૦)
કોઠારા-ડોંબિવલી



**હીરબાઈ મૈશેરી**
તા.૨૦ ઓક્ટોબર (ઉ.૯૧)
સુથરી-મુંબઈ




**મણિકાંતભાઈ લોડાયા**
તા.૨૦ ઓક્ટોબર (ઉ.૭૧)
રાપરગઢવારી-અહમદનગર



**સરલાબાઈ ગોસર**
તા.૨૨ ઓક્ટોબર (ઉ.૮૦)
બારોઈ-ભાયંદર



**દમયંતીબેન લોડાયા**
તા.૨૨ ઓક્ટોબર (ઉ.૭૯)
કોઠારા-અગાસ



**કુંવરજીભાઈ દંડ**
તા.૨૩ ઓક્ટોબર (ઉ.૮૬)
સેવક ભરૂડીયા-મુલુંડ



**પુષ્પાબેન નાગડા**
તા.૨૩ ઓક્ટોબર (ઉ.૫૯)
પરજાઉ-ડોંબિવલી



**જયકાંતભાઈ મોતા**
તા.૨૪ ઓક્ટોબર (ઉ.૭૨)
તેરા-ઘાટકોપર



**ચંદુલાલ લોડાયા**
તા.૨૫ ઓક્ટોબર (ઉ.૯૧)
વરાડીયા-કેનેડા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

# ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને

## પ્રવર્તિની મહત્તરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

## માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**
**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**
આપ તેમના પ્રત્યેની
અનુમોદના,
આદરભાવ
તેમજ તેમના
સાથેના સંસ્મરણો
લખીને મોકલો

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

## કલર ફુલ પેજ રૂ.૧૦૦૦/-

Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૬ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ | જખૌ બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇમાની ગંધી બદલી તથા પોડશા દાદાના ભુવા ચયન વિધિ જખૌ સ્થાનકે. ૯૮૧૯૮૨૭૨૮૦, ૯૮૭૦૧૩૧૧૯૩ |
| તા. ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરિવારના કુળ દેવી શ્રી ચામુંડા માતાજીના ૧૫ મા ધ્વજારોહણ, પહેડી પ્રસાદ તથા હવન મહોત્સવ વારાપધર સ્થાનકે પહેડી પ્રસાદના લાભાર્થી માતુશ્રી પુરબાઈ લખમશી લધાભાઈ લાલકા, આદિપુર |
| તા. ૦૨ થી ૦૫ નવેમ્બર ૨૦૨૫ | શ્રી કદઓ કુરૂવા પરીવાર આયોજિત કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદાજીની પહેડી તથા ચંદીપાઠ |
| તા. ૦૩ થી ૦૪ નવેમ્બર ૨૦૨૫ | કચ્છ જખૌ મધ્યે બિરાજમાન છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાની ગંધી બદલાવવાનો પ્રોગ્રામ તા.૩ નવેમ્બર ૨૦૨૫ કાઠીયારાપીરની ગંધી તા.૪ નવેમ્બર ૨૦૨૫. |
| તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫ | વારાપધરમા બિરાજમાન લોડાયા પરીવારના કુલદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભોઈમાની ગંધી (ચુન્દડી) બદલી પ્રસંગ સવારે ૯.૦૦ ક. થી. વારાપધર સ્થાનકે. |
| તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫ | ગોશર પરીવાર, બાયઠના કુળદેવી શ્રી ઓશીયા માતાજીની ધ્વજા કારતક સુદ પૂનમ. તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫ બાયઠ સ્થાનક. |
| તા. ૦૯ નવેમ્બર ૨૦૨૫ | સમસ્ત ક.દ.ઓ. છેડા કુળના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડી તા. ૦૯ નવેમ્બર ૨૦૨૫ સવારે ૯.૧૫ ક. થી સારસ્વત વાડી, મુલુંડ. |
| તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક |
| તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫ | નલિયાના ખોના કુળ ગોત્રના શ્રીજીપીર બાપાના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદ ખોના ફલિયા, નલિયા સવારના ચડતે પહોરે. |
| તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ) રાયપુરનું રજત ધ્વજા મહોત્સવ |

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● દેશના સીમાવર્તી કચ્છ જિલ્લામાં પાકિસ્તાન સરહદે અડીને આવેલા બન્ની પચ્છમ વિસ્તારમાં છેલ્લા બે દાયકાથી વધેલા ઔદ્યોગિકીકરણ અને રણ મહોત્સવે લઈ હલચલ તેજ બની છે ત્યારે બન્ની, પચ્છમ અને પાવરપટ્ટીના ત્રિભેટે લોરિયાથી આગળ ખાવડા ફાટક પાસે નિર્માણ થયેલ ચેક પોસ્ટની ચોકી, બન્નીના પ્રખ્યાત પરંપરાગત ભૂંગાની તર્જ પર સજ્જ કરાઈ છે જે આકર્ષણ રૂપ બની છે. કચ્છી ભૂંગા દેશી લાકડાં, ઘાસ અને છાણ, માટીથી નિર્માણ થાય છે. પરંતુ આ ચોકીને આકર્ષક અને ટકાઉ કરવા સિમેન્ટના બ્લોક સિમેન્ટ અને મડવર્કના આલેખન નાની નાની કાચની તકતીઓ જડવામાં આવી છે. ભૂંગા ચોકીના પ્રવેશદ્વાર આગળ બે ઢાળની ચાલી પણ બનાવવામાં આવી છે.

● રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘની ગૌસેવા ગતિવિધિ પશ્ચિમ કચ્છ અને રામપર વેકરા સ્થિત તપોવન ધામના સંયુક્ત આયોજનથી ૧૦ સંત અને ૯૮ અન્ય લોકો મળી શરીર પર એકાદ કલાક સુધી દેશી ગાયના ગોબરને શરીરે રગડીને સાદા પાણીથી સ્નાન કરવાનો અનુભવ લીધો હતો. સેન્ટ અને પરફ્યુમની કુત્રિમ અને નુકસાનકારક સુંગધના આ યુગમાં ગોબર સ્નાનનું બીડું ઝડપનાર મોટી સંખ્યામાં બાળકો અને યુવાનોએ સાહસિક અને પ્રેરણારૂપ પગલું લીધું હતું. બે મહિના અગાઉ માત્ર ૨૯ લોકો સાથે અંજારના રાયમલ ધામ ખાતે થયેલા આ પ્રયોગની સફળતાથી પ્રેરાઈ આ વધુ આયોજન થયું અને લાભ લેનાર સૌએ દર મહિને આવું આયોજન કરવાનો આગ્રહ કર્યો છે. આગામી સમયમાં ડૉક્ટર, વૈદ્ય અને બહેનો માટે પણ આવું વિશેષ આયોજન કરવાનું વિચારાધીન છે.

● કચ્છમાં ઔદ્યોગિક અને પ્રવાસન ક્ષેત્રે વિકાસ જઈ રહ્યો હોવા છતાં વિમાની સેવાનો વ્યાપ જોઈએ તેવો વિસ્તર્યો નથી. આ પરિસ્થિતિમાં કચ્છના બે વિમાની મથક ભુજ અને કંડલા  ખોટના મામલે રાજ્યમાં અનુક્રમે ચોથા અને પાંચમાં નંબરે હોવાનું રાજ્યસભામાં રજૂ થયેલા અહેવાલમાં જણાવામાં આવ્યું છે. આ બંન્ને વિમાની મથકો ૧૦ વર્ષમાં ૧૦૪ કરોડની જંગી ખોટ કરી હોવાનું આ અહેવાલમાં દર્શાવાયું છે.

● શહેર હોય કે ગામડું જાહેર રસ્તા પરથી પસાર થતાં આમ નાગરિકોને શેરી ગણીઓમાં રખડતા કૂતરાં કરડી જવાના બનાવો વધતાં જાય છે. સર્વોચ્ચ અદાલતે શહેરી વિસ્તારોમાં શ્વાનોને પકડી શેલ્ટર હોમમાં મૂકવાની સૂચના આપી છે. કચ્છની વાત કરીએ તો છેલ્લાં સાત મહિનામાં સમગ્ર જિલ્લામાં ૧૦૬૮૦ કૂતરાં કરડવાના કેસ નોંધાયા છે. કચ્છમાં કૂતરાઓની વસ્તી દિનપ્રતિ દિન વધતી જતી હોવાથી બે પૈંડાવાળા વાહન ચાલકો પાછળ આવારા કૂતરા દોડતા હોઈ બચકાં ભરી લે છે. તો મોર્નિંગ વોક કે સાંજના સમયે ફરવા નીકળતાં વરિષ્ઠ નાગરિકોને આ જાનવર પરેશાન કરતાં હોય છે. એ બાબત ચિંતા પ્રેરક હોવાની નોંધ લેવાઈ હતી.

● આજથી છ થી સાત દાયકા અગાઉ કચ્છની ઓળખ માત્ર રણ વિસ્તાર તેમજ પશુધન જિલ્લા તરીકે હતી. સતત દુષ્કાળની મારથી લોકો રોજગાર માટે અન્યત્ર સ્થળાંતર કરી જતાં હતાં. ત્યારે ૧૯૫૯ માં કચ્છમાં માત્ર આંગળીઓના વેઢે ગણાય એટલી ટ્રક માત્ર હતી જે જીવન જરૂરી વસ્તુઓની હેરફેર માટે હતી. તે સમયે અખંડ ભારતના પશ્ચિમ પંજાબના એક ગામમાં યશપાલ પી.નંદા એ પશુધન ઉપર નિર્વાહ કરતા રબારી, આહિર સમાજના લોકોને ટ્રક વ્યવસાય માટે પ્રોત્સાહિત કર્યા. ફાઈનાન્સની સરળ વ્યવસ્થા કરી આપી મદદરૂપ થયાં. આજે તેમના વ્યવસાયિક પ્રતિષ્ઠાન કાર્ગો મોટર્સ કંપનીએ સ્વર્ણિમ ગાથા કચ્છમાં આલેખી તેમના પ્રદાનની નોંધ રાષ્ટ્ર સ્તરે લેવાઈને તેઓને ટ્રક-ટ્રાન્સપોર્ટ વ્યવસાયના ભીષ્મ પિતામહ તરીકે પ્રતિષ્ઠા કરાયા.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

# FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

★ STAMP FRANKING Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank